# ૮ ગામોને અમદાવાદમાં ભેળવવા સામે સર્વાનુમતે વિરોધ

**જિલ્લા પંચાયતની સામાન્ય સભાએ સર્વાનુમતે ૮ ગામોને અમદાવાદની હદમાં ભેળવવાનો વિરોધ કર્યો : વાહકજન્ય રોગચાળાને નિયંત્રિત કરવા દંડનીય જોગવાઈ કરાઈ : કન્યા કેળવણીની કીટ ઝડપથી બાળાઓને ઉપલબ્ધ કરાવવાની માંગ કરાઈ : વિસ્તાર વિકાસ માટે વધુ ૨૦ લાખની ગ્રાન્ટ આપવા પ્રસ્તાવ કરાયો : બેટી વધાવો અભિયાન માટે ૬ લાખ ફાળવાયા**

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે મળેલ સામાન્ય સભાએ ગાંધીનગર તાલુકાના ૮ ગામ અમદાવાદ મનપાની હદમાં ભેળવવાના સ્થાયી સમિતિના પ્રસ્તાવનો સર્વાનુમતે વિરોધ કર્યો છે અને આ ગામોને તેમની અલગ ઓળખ તરીકે જ ચાલુ રાખવામાં આવે તેવો નિર્ણય કર્યો છે.




શ્રીમતિ મંગુબેન શ. પટેલના અધ્યક્ષસ્થાને મળેલ જિલ્લા પંચાયતની આજની સામાન્ય સભામાં આ નિર્ણય લેવા માટેનો પ્રસ્તાવ પ્રમુખસ્થાનેથી રજુ થયો હતો અને મૌખિક મતદાનમાં તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્યસભામાં આ પ્રસ્તાવ રજુ થયો ત્યારે જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે દરમ્યાનગીરી કરી જણાવ્યુ હતુ કે ગામો અંગેની વિગતવાર દરખાસ્ત તૈયાર પંચાયત અધિનિયમની જોગવાઈઓને આધિન રહી કરવામાં આવશે. આ માટે ગ્રામીણ વિસ્તારના ગણા બધા પાસાંઓને પણ આવરી લેવાના હોય છે.

જો કે સભાગૃહમાં ઉપસ્થિત કોઈ સભ્યે આ પાસાંઓ કે અધિનિયમની જોગવાઈ શું છે તે જાણવાનો પ્રયાસ પણ કર્યો નહોતો અને વિરોધ કરતો પ્રસ્તાવ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો હતો.

આજની આ સામાન્ય સભામાં એજન્ડા ઉપરાંત ૧૮ જેટલા પ્રસ્તાવો પ્રમુખસ્થાનેથી પસાર કરવામાં આવ્યા હતા. એક પણ પ્રસ્તાવનો વિરોધ કરવામાં આવ્યો ન હતો.

આ સામાન્ય સભાએ જિલ્લામાં વાહકજન્ય રોગચાળાને નિયંત્રણમાં લેવા માટે અમદાવાદ મહાનગરપાલિકા જેવી જ દંડનીય કાર્યવાહીની જોગવાઈ કરતો તેમજ આ દંડ વસુલીની સત્તા સર્વેલન્સ કર્મચારીને આપતો મહત્વનો પ્રસ્તાવ પસાર કર્યો હતો.

આજની આ બેઠકમાં પ્રથમ પ્રસ્તુતિ દરમ્યાન દિકરીનો જન્મ થાય તો બેટી વધાવો કીટ આપવા માટે સ્વભંડોળમાંથી રૂ. ૬ લાખની જોગવાઈ કરતો પ્રસ્તાવ પણ પસાર કરવામાં આવ્યો હતો. જિલ્લામાં સ્ત્રી જન્મદરને પ્રોત્સાહિત કરવાની દિશામાં આ મહત્વનું પગલુ છે એટલુ જ નહિ કદાચ રાજ્યની પ્રથમ જિલ્લા પંચાયત છે જેણે બેટી વધાવો અભિયાન માટે સ્વભંડોળમાંથી આ રકમ ફાળવી છે.

સભ્યોએ આજે તેમને વિસ્તાર વિકાસ માટે આપવામાં આવતા ભંડોળમાં પણ રૂ. વીસ લાખનો વધારો કરવાનો પ્રસ્તાવ કર્યો હતો. આ વખતે પણ જિલ્લા વિકાસ અધિકારી રાવલે દરમ્યાનગીરી કરી જણાવ્યુ હતુ કે સ્વભંડોળ સીમીત છે અને સ્વભંડોળના ઉપયોગ અંગેની જોગવાઈઓ પણ સ્પષ્ટ છે એટલે તેઓ તે ચકાસી અને સરકારની મંજૂરી માટે મોકલશે.

સામાન્ય સભાએ આજે એજન્ડામાં સૂચવાયેલ મુદ્દાઓ ફટાફટ મંજૂર કરી દીધા હતા. અર્ધા કલાકમાં તો સભાનું સંપૂર્ણ કામકાજ આટોપી લેવામાં આવ્યુ હતુ.

શિક્ષણ વિભાગમાં કન્યા કેળવણી માટે કીટ ખરીદવાની ફાઈલ જે અટવાઈ છે તેને લઈ થોડીક ચર્ચાઓ થઈ હતી. આ ચર્ચામાં પણ સભ્યોને આગ્રહ ''જેમ''માંથી ખરીદી કરવાને બદલે બહાર જો બજારમાં સસ્તી કિંમત હોયતો તેને પ્રાધાન્ય આપવામાં આવે તેવો સૂર વ્યક્ત કર્યો હતો.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ સ્પષ્ટતા તો કરી જણાવ્યુ હતુ કે ફાઈલ ક્લીયર થઈ ગઈ છે અને ઝડપથી આ દિશામાં કાર્યવાહી કરવામાં આવશે.

જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે પણ જણાવ્યુ હતુ કે સરકારનો સ્પષ્ટ પરિપત્ર છે કે જેમમાંથી જ ખરીદી કરવી અને તેમાં સાધન(વસ્તુ) ઉપલબ્ધ ના હોય તો તે પછી જ આગળની જરૂરી કાર્યવાહી અનુસરવાની રહે છે.

સભ્યોએ કીટ ઝડપથી કન્યાઓને મળે તેવો આગ્રહ કર્યો હતો ત્યારે જાન્યુઆરી મધ્ય સુધીમાં કાર્યવાહી પુરી કરાશે તેવી ખાત્રી પ્રાથમિક શિક્ષણાધિકારીએ આપી હતી.

## સુધારેલા બજેટમાં સિંચાઈ, શિક્ષણ, બાંધકામ અને બાળ વિકાસ માટે ૧ કરોડની વધારાની જોગવાઈ કરવા પ્રસ્તાવ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે મળેલ સામાન્ય સભાએ જિલ્લા પંચાયતના સુધારેલા બજેટમાં સ્વભંડોળ હેઠળ સિંચાઈ સમિતિ, શિક્ષણ સમિતિ, બાંધકામ સમિતિ તેમજ મહિલા બાળ વિકાસ સમિતિને રૂ. એક કરોડની વધારાની ફાળવણી કરવા માટેનો પ્રસ્તાવ કર્યો છે.

આજે સરદાર હોલમાં મળેલ સામાન્ય સભાએ સિંચાઈ સમિતિના બજેટમાં રૂ. ૩૫ લાખની જોગવાઈનો વધારો કરવા જણાવ્યુ છે. જિલ્લામાં પાછોતરો વરસાદ સારો થયો છે અને રવિ સીઝનમાં વાવેતર પણ સારૂ થયુ છે ત્યારે આ જંગી વધારો કરવા સૂચવવામાં આવ્યુ છે.

જિલ્લો પાણી માટે ઓવર એક્સ્પોસઈટેશન કેટેગરીમાં આવતો હોવા છતાં સૂચવવામાં આવેલ આ વધારાએ રાજકીય ગલિયારીઓમાં ચર્ચા જગાવી છે.

સામાન્ય સભામાં શિક્ષણ સમિતિ માટે રૂ. ૨૫ લાખ, બાંધકામ સમિતિ માટે પણ રૂ. ૨૫ લાખની વધારાની જોગવાઈ કરવા માટે આ પ્રસ્તાવમાં સૂચવવામાં આવ્યુ છે. જો કે આ વધારાની જોગવાઈ પછી ખર્ચ કઈ બાબતોમાં કરવામાં આવશે તે અંગેની કોઈ જ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

મહિલા અને બાળ વિકાસ સમિતિને પણ રૂ. ૧૫ લાખનો જોગવાઈમાં વધારો કરવાનું આ પ્રસ્તાવમાં સૂચવવામાં આવ્યુ છે.

જિલ્લા પંચાયતની આજની આ સામાન્ય સભામાં વધારાની જોગવાઈ કરવાના નિર્ણય અંગે ટિપ્પણી કરતાં જિલ્લા વિકાસ અધિકારીએ કહ્યુ હતુ કે હિસાબી અધિકારી પાસેથી વિગતો મેળવ્યા બાદ આગળ વધવામાં આવશે. વિભાગો દ્વારા થયેલ ખર્ચમાં ખૂટતી રકમ હશે તો તે પણ ચકાસવામાં આવશે.

**હિસાબી અધિકારી પાસેથી વિગતો મેળવ્યા બાદ આગળ વધવામાં આવશે. વિભાગો દ્વારા થયેલ ખર્ચમાં ખૂટતી રકમ હશે તો તે પણ**

### ૮ ગામના સરપંચોએ આવેદન પત્રો આપ્યા



અમદાવાદ મહાનગરપાલિકાની હદમાં ૮ ગામોને ભેળવવાના મનપાની સ્થાયી સમિતિના નિર્ણયનો વિરોધ કરતા સરપંચો દ્વારા આજે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ મંગુબેન શ. પટેલ, જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલ તેમજ વિકાસ કમિશનરને આવેદનપત્ર આપી આ વિરોધ લેખિતમાં નોંધાવ્યો હતો

### સમાજકલ્યાણ અધિકારીની જગ્યા ભરવા પ્રસ્તાવ પસાર કરો

આજે સામાન્ય સભામાં સામાજિક ન્યાય સમિતિના ચેરમેન એસ.એન. પરમારે બે વર્ષથી સમાજકલ્યાણ અધિકારીની જગ્યા ખાલી છે તે ભરવા સરકારમાં અસરકારક રજુઆત થઈ શકે તે માટે પ્રસ્તાવ પસાર કરવા જણાવ્યુ હતુ.

જિલ્લા વિકાસ અધિકારીએ આ અંગે સામાજિક ન્યાય અધિકારિતા વિભાગને તેમની કક્ષાએથી રજુઆત કરવામાં આવશે તેવી હૈયાધારણ આપતાં મામલો શમી ગયો હતો.

### નવા નાયબ જિલ્લા વિકાસ અધિકારી માટે ફર્નિચર ખરીદાશે

ગાંધીનગર જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની જગ્યા એક વર્ષ બાદ ભરાઈ છે ત્યારે તેમને બેસવાની જગ્યા નક્કી કરાયા બાદ તેમની કચેરી માટેનું અદ્યતન ફર્નિચર ખરીદવાનો પ્રસ્તાવ પણ આજની સામાન્ય સભામાં મંજૂર કરાયો હતો.

### વર્ગ-૪ના કર્મચારી ગુર્જરને શ્રદ્ધાંજલિ અપાઈ

જિલ્લા પંચાયતની આજની સામાન્ય સભામાં વર્ગ-૪ના કર્મચારી ગુર્જરનું અકસ્માતમાં મોત થતાં તેને શ્રદ્ધાંજલિ આપતો પ્રસ્તાવ પસાર કરી અને બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું.

### એક જ ધારાસભ્ય આજની બેઠકમાં હાજર રહ્યા...

જિલ્લા પંચાયતની આજની સામાન્ય સભામાં ગાંધીનગર (ઉ) બેઠકના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા જ ઉપસ્થિત રહ્યા હતા જ્યારે અન્ય ૪ ધારાસભ્યો અન્ય રોકાણને લઈ હાજર રહી શક્યા ન હતા.

### ૬૫૦૦થી વધુ દિકરીને કન્યા કેળવણીની કીટ અપાશે

ગાંધીનગર જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિ હસ્તકની શાળાઓમાં ધો. ૮માં પ્રવેશ મેળવનાર ૬૫૦૦ થી વધુ બાળાઓને કન્યા કેળવણી પ્રોજેક્ટ અંતર્ગત કીટ આપવામાં આવશે. આ કામગીરી જાન્યુઆરીના મધ્ય સુધીમાં પૂરી કરાશે તેવી ખાત્રી પ્રાથમિક શિક્ષણાધિકારીએ સામાન્ય સભામાં આપી હતી.

### બેટી વધાવો અભિયાન ૧-૪-૧૯થી અમલી બનશે


જિલ્લા પંચાયતની આજની સામાન્ય સભાએ પ્રથમ પ્રસુતિમાં દિકરી આવે તેને વધાવવા માટે ખાસ કીટ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા તૈયાર કરી આપવામાં આવશે. આ માટે સ્વભંડોળમાંથી રૂ. ૬ લાખની ખર્ચની જોગવાઈ કરવામાં આવી છે. આ યોજનાનો અમલ ૧-૪-૧૯થી કરવામાં આવશે.

**લવલેશ મોતનો ડર મુજને નહીં સતાવે પણ મહેફીલમાં ખોટ મારી વર્તાય તોય ઘણુ છે...**

## ગાંધીનગરના જાણીતા સર્જક ભરત કવિનુ ૭૩ વર્ષની વયે દુઃખદ અવસાન

ગાંધીનગર તા ૧૯

લવલેશ મોતનો ડર મુજને નહીં સતાવે .. પણ કયાંક મહેફીલમાં ખોટ મારી વર્તાય તો ય ઘણુ છે... વધુ નથી અભરખો હવે બાકી જીવનમાં પણ



ઈજ્જતનુ કફન ઓઢીને મરાય તો ય ઘણુ છે... અરમાન જિન્દગીના પુરા થાય તોય ઘણુ છે..`બે ચાર કામ સારા થાય તો ય ઘણુ છે. પુ મોરારી બાપુ , ભીખુદાન ગઢવી સહીતના કથાકાર સાહીત્યકાર જેમની આ અદભુત કાવ્ય રચનાનો વારંવાર ઉલ્લેખ કરે છે તેવા જાણીતા સર્જક ભરત કવિએ પોતાની આ કાવ્યરચના સાર્થક થાય તેવુ જ જીવન જીવી આજે સૌ ની વચ્ચેથી વિદાય લીધી હતી.તેમણે બે ચાર.. નહીં પરંતુ ઘણાં બધા સેવા કાર્યો કરી સમાજ માટે પ્રેરણાદાયી બન્યા છે. અને ઈજ્જતનુ કફન ઓઢીને વિદાય લીધી છે.ગાંધીનગર અને સાહિત્ય જગતને સદાય તેમની કાયમ ખોટ વર્તાશે... તેમણે ૧૨૦થી વધુ વખત તેમના જીવનકાળ દરમિયાન રક્તદાન કરી માનવતાનુ ઉત્કૃષ્ટ ઉદાહરણ સમાજને પુરુ પાડયુ હતુ. અનેકવિધ સેવા કાર્યો પણ કર્યા છે.ગાંધીનગરના જાણીતા સર્જક ભરત કવિનુ આજે ૭૩ વર્ષની વયે દુખદ અવસાન થતા સાહીત્ય અને સામાજિક ક્ષેત્રે ઘેરા શોકની લાગણી વ્યાપી હતી. સદગતની અંતિમ યાત્રા આજે તેમના નિવાસ સ્થાનેથી નિકળી હતી જેમાં મોટી સંખ્યામાં પત્રકારો, સાહીત્યકારો અને ગઢવી સમાજના સભ્યો તેમજ નગરના અગ્રણીઓ જોડાયા હતા. ભરત કવિ છેલ્લા કેટલાક સમયથી બિમાર રહેતા હતા. જયારે આજે સવારે તેમનુ અવસાન થતા પત્રકાર આલમ અને સાહિત્ય જગતે પણ દુખની લાગણી વ્યકત કરી હતી.

**સાહિત્ય સભા, સુરેન્દ્રનગર મિત્ર મંડળના પ્રમુખ સહિત અનેકસંસ્થાઓ સાથે સંકળાયેલા સર્જક ભરત કવિના અવસાનથી પત્રકાર આલમ, સાહિત્ય જગત સહીત નગરમાં ઘેરા શોકની લાગણી : ૧૨૦ વખતથી વધુ રકતદાન કરવાની સાથે અનેકવિધ સેવાના કાર્યો કરીને અનોખી લોકચાહના મેળવી હતી : અંતિમ વિધિમાં પત્રકારો, સાહિત્યકારો ગઢવી સમાજના સભ્યો અને નગરના અગ્રણીઓ જોડાયા**

ગાંધીનગરના જાણીતા સર્જક ભરત કવિનુ આજે સવારે દુખદ અવસાન થતા સાહિત્યજગત અને પત્રકાર આલમ સહીત નગરમાં ઘેરા શોકની લાગણી વ્યાપી હતી. તેમની અંતિમ યાત્રામાં પણ મોટી સંખ્યામાં પત્રકારો , સાહીત્યકારો નગરના અગ્રણીઓ, ગઢવી સમાજના સભ્યો સહીત નગરજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. સેવાકીય પ્રવૃતિમાં અગ્રેસર રહેતા ભરત કવિ પાટનગર પ્રકાશના તંત્રી તરીકે પણ ઉમદા સેવા આપતા હતા. ગાંધીનગરથી પ્રકાશિત થતા દિપોત્સવી અંકોમાં સરકારી દીપોત્સવી અંક સિવાય માત્ર પાટનગર પ્રકાશનો જ દિપોત્સવી અંક પ્રકાશિત કરવામાં આવતો હતો જે સાહિત્યરસિકો માટે રસપ્રદ બની રહેતો હતો. સ્વ ભરત કવિએ સાહીત્યસભાના પ્રમુખ તરીકેના કાર્યકાળ દરમિયાન શબ્દોત્સવ નામનુ પુસ્તક પ્રકાશિત કરાવ્યુ હતુ. જેમાં માત્ર ગાંધીનગરના સાહીત્યકારોની જ રચનાઓનો સમાવેશ કરાયો હતો. તથા ચિનુ મોદી જેવા ગઝલકારને બોલાવી ગાંધીનગરમાં ગઝલની મહેફિલ જમાવી હતી. ગાંધીનગર સાહીત્ય સભાના પ્રમુખ પદે નોંધપાત્ર

● અનુસંધાન પાન-૭ પર

### ગાંધીનગર સમાચારે પણ સ્વજન ગુમાવ્યા

ગાંધીનગરના જાણીતા સર્જક ભરત કવિના અવસાનથી સમગ્ર શહેરમાં શોકની લાગણી વ્યાપી છે. જયારે ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાન્ત જહા સહિત પરિવારે પણ તેમના સ્વજન ગુમાવ્યા હોવાની લાગણી સાથે દુખ વ્યકત કર્યુ છે. ગાંધીનગર સમાચારના પ્રથમ અંકમાં ભરત કવિની કવિતા પ્રકાશિત થઈ હતી જયારે ભરત કવિ ગાંધીનગર સમાચારના પણ અનોખા ચાહક અને વાચક પણ હતા. સમાચારમાં પ્રકાશિત થતા તંત્રી લેખ અને વિવિધ કોલમોનુ વાંચન કરવાનુ ચુકતા ન હતા તેમની વિદાયથી ગાંધીનગર સમાચારે પણ ઘેરું દુઃખ વ્યક્ત કર્યું છે.

## રાજ્યના શહેરોમાં હેલ્મેટનો કાયદો ફરી ફરજીયાત થઈ શકે

**રોડ સેફ્ટી કાઉન્સીલના વલણ બાદ સ્પષ્ટતા : આપણે હેલ્મેટનો કાયદો બંધ નથી કર્યો, સ્થગિત કર્યો છે મુખ્યમંત્રીની સ્પષ્ટતા બાદ ફરીવાર લોકોમાં ઉગ્ર આક્રોશ**

અમદાવાદ, તા. ૧૯

ગુજરાતના શહેરોમાં ટુ-વ્હીલર માટે હેલ્મેટ મરજીયાત કરવાના રાજ્ય સરકારના નિર્ણય અંગે ખુલાસો કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, આ કાયદો થોડા સમય માટે જ મોકૂફ રાખવામાં આવ્યો છે. રોડ સેફ્ટી કાઉન્સિલે રાજ્યના મુખ્ય સચિવ પાસે હેલ્મેટનો કાયદો મરજીયાત કરવા અંગે ખુલાસો માંગ્યો હતો. જેને પગલે મુખ્યમંત્રીએ આજે સ્પષ્ટ કર્યું હતું કે, કાયદો કાઢી નાંખવામાં આવ્યો નથી. સરકારની આ નવી સ્પષ્ટતા બાદ હવે લોકોમાં ફરી એકવાર ઉગ્ર આક્રોશ ફેલાયો હતો. કારણ કે, હેલ્મેટની ઝંઝટમાંથી લોકોને મુક્તિ મળતાં લોકોમાં ભારે રાહતની લાગણી અનુભવાઈ હતી, ત્યારે હવે ફરી એકવાર તેને લાગુ કરવાની વાત સામે આવતાં લોકોમાં ભારોભાર નારાજગી સામે આવી રહી છે. ગાંધીનગર ખાતેના એક કાર્યક્રમમાં ભાગ લેવા પહોંચેલા મુખ્યમંત્રી રૂપાણીએ મીડિયા



સાથેની વાતચીતમાં હેલ્મેટના કાયદા અંગે રોડ સેફ્ટી કાઉન્સિલના પત્ર અંગે સ્પષ્ટતા કરી હતી કે, કાઉન્સિલનો પત્ર ચીફ સેક્રેટરીને મળ્યો છે. જેનો જવાબ આપવામાં આવશે. પરંતુ હાલમાં જે શહેરી વિસ્તારોમાં હેલ્મેટનો કાયદો મરજીયાત કરવામાં આવ્યો છે તે માત્ર કામ ચલાઉ ધોરણે છે કાયમી નથી.

જ્યારે ૧૫ દિવસ પહેલા ગુજરાત સરકારે મહાનગરપાલિકા(મ્યુનિ. કોર્પોરેશન) અને નગરપાલિકા તથા મ્યુનિસિપાલિટીની હદમાં આવતા એટલે કે શહેરી-અર્ધશહેરી વિસ્તારોમાં ટૂ-વ્હીલરચાલક માટે હેલ્મેટ પહેરવું મરજિયાત કર્યું હતું. ત્યારબાદ શહેરી કે અર્ધ-શહેરી વિસ્તારમાં હેલ્મેટ વિનાના કોઈ પણ ટુ-વ્હીલર ચાલકને ટ્રાફિક પોલીસ દ્વારા દંડ કરવામાં આવતો નથી. જો કે હાઈવે પર ટુ-વ્હીલરચાલકો માટે હેલ્મેટ પહેરવું ફરજીયાત છે અને તે નિયમનું પાલન નહીં કરનારને દંડ કરવામાં આવી રહ્યો છે.

## માણસા- વિહાર માર્ગ ૧૮ કરોડના ખર્ચે ૧૦ મીટર પહોળો કરાશે

**માણસા મહેસાણા માર્ગ પર ટ્રાફિકની અવરજવર સરળ બનશે : માણસા , બિલોદ્રા, ચરાડા અને વિહાર ગામના ભાગમાં માર્ગને ફોરલેન કરાશે**

ગાંધીનગર તા ૧૯

માણસાથી વિહાર તરફ જવાનો માર્ગ ૫.૫૦ મીટરમાંથી ૧૦ મીટર પહોળો કરાશે. જેના લીધે માણસા મહેસાણા માર્ગ પર ટ્રાફિકની અવરજવર સલામત અને સરળ બનશે. આ ઉપરાંત રૂટમાં આવતા માણસા , બિલોદરા, ચરાડા અને વિહાર ગામના ભાગમાં આ માર્ગને ફોરલેન બનાવાશે આ કામગીરી અન્વયે અંદાજિત રૂ ૧૮ કરોડનો ખર્ચ કરાશે.

ગાંધીનગર શહેરમાં લાંબા સમયથી માર્ગ સુધારણાની કામગીરી ઠપ્પ થઈ ગઈ છે. સેકટરોમાં આંતરિક માર્ગોનુ કામ હજુ સુધી હાથ ધરવામાં આવ્યુ નથી. જેના લીધે સ્થાનિક નાગરિકોમાં પણ રોષ પ્રવર્તયો છે. જયારે જિલ્લામાં જરૂરી કામગીરી સંદર્ભે માર્ગ સુધારણાના વિવિધ કામોને તબક્કાવાર મંજુરી આપવામાં આવી રહી છે. અગાઉ આશ્રમ ચોકડીથી મહુડી માર્ગનુ પણ કામ મંજુર કરાયુ હતુ.

જયારે હવે માણસા વિહાર ગામ સુધીના ૧૦ કી મીના માર્ગને પહોળો કરવા માટે પણ આયોજન કરાયુ છે. આ માર્ગને ૫.૫૦ મીટરમાંથી ૧૦ મીટર પહોળો કરાશે. જયારે આ રૂટમાં આવતા માણસા , ચરાડા , બિલોદરા, તેમજ વિહાર ગામના ભાગમાં આ માર્ગને ફોરલેન કરવામાં આવશે. આ માર્ગના વાઈડનીંગ માટે લાંબા સમયથી માંગ ઉઠવા પામી હતી આ મામલે સ્થાનિક ગ્રામજનોએ પણ અગાઉ રજુઆત કરી હતી માણસાથી મહેસાણાને જોડતા આ સાંકડા માર્ગ પર હાલ ટ્રાફિકની વિશેષ અવરજવર રહે છે. જેના લીધે માર્ગ સલામતીનો મુદ્દો પણ મહત્વનો બન્યો છે.

જયારે આ કામગીરીને મંજુરી અપાતા આસપાસના ગામોની સમસ્યાનો પણ અંત આવશે. આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૧૮ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ કામગીરીને અનુલક્ષીને ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. આગામી ૧૫ દિવસમાં કામ શરૂ પણ કરી પણ દેવાશે.




સલામત સવારી એસ ટી અમારી .. મુસાફરોને સમયસર બસ સેવા મળી રહે તે માટે અનેકવાર રજુઆત કરવામાં આવે છે. નગરના મુખ્યમાર્ગો પર સ્થિત પીક અપ બસ સ્ટોપ પણ સ્માર્ટ બનાવવા માટે આયોજન થઈ રહ્યુ છે.ત્યારે બસ સ્ટોપને અડીને મુકાયેલા બસના ટાઈમ ટેબલ સમયસારણીની સમય મુજબ જાળવણી ન થતા બાર્ડ પર કાંઈ વંચાતુ નથી. પીક અપ સ્ટેન્ડના નવિનીકરણ સાથે આ ટાઈમ ટેબલ પણ અપગ્રેડ થાય તેવી મુસાફરોની માંગણી છે.

## અમદાવાદમાં પોલીસ ઉપર હુમલો કરનારા તત્વો સામે તપાસનો ધમધમાટ

**અમદાવાદમાં વર્ષો બાદ અંજપાભરી શાંતિ : પોલીસ સીસીટીવી, સ્થાનિક લોકોની પૂછપરછના આધારે તોફાની તત્વોને પકડી લેવાશે : ફરિયાદો પણ દાખલ કરાશે**

અમદાવાદ, તા.૧૯

સીએએના વિરોધમાં આજે અમદાવાદ શહેરના શાહઆલમ સહિતના મુસ્લિમ વિસ્તારોમાં મુસ્લિમ સમુદાયના તોફાની તત્વો દ્વારા પોલીસને જે પ્રકારે ટાર્ગેટ કરી પથ્થરમારો અને હિંસાનો ભોગ બનાવી તે ઘટનાના હવે ગુજરાત જ નહી પરંતુ દેશભરમાં ઘેરા પ્રત્યાઘાત સામે આવી રહ્યા છે. અમદાવાદમાં વર્ષો બાદ અજંપાભરી શાંતિ પથરાયેલી છે. લોકોમાં એક પ્રકારનો ડર અને ફફડાટ ફરી એકવાર જોવા મળી રહ્યો છે. શહેરના કોટ વિસ્તારમાં અને મુસ્લિમ વિસ્તારોમાં વાતાવરણ તંગ અને ભારેલા અગ્નિ જેવી સ્થિતિ છે ત્યારે હવે પોલીસ પર હુમલાને લઈ રાજય સરકાર અને પોલીસ તંત્ર દ્વારા તોફાની તત્વોને ઝબ્બે કરવા તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે. ખાસ કરીને પોલીસે સીસીટીવી ફુટેજીસ અને સ્થાનિક લોકોની પૂછપરછના આધારે તોફાની તત્વોને આઈડેન્ટીફાઈ કરી પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com